# PRESS NOTE

## ટેકનિકલ સોર્સિસ તથા હ્યુમન સોર્સિસ તથા સી.સી.ટીવીની મદદથી ચોરી કરેલ ટાયર નંગ-૪ સાથે ચોર ઇસમને પકડી અનડીટેકટ ગુન્હાનો ભેદ ઉકેલી આરોપીને પકડી પાડતી રાજકોટ તાલુકા પોલીસ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી રાજુ ભાર્ગવ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી વિધી ચૌધરી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી સુધીરકુમાર દેસાઇ સાહેબ (ઝોન-૨) તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી બી.જે.ચૌધરી સાહેબ દક્ષિણ વિભાગના માર્ગદર્શન હેઠળ સઘન પેટ્રોલીંગ કરી મિલકત સંબંધી અનડીટેક્ટ ગુન્હાઓ શોધી કાઢવા તથા ગુન્હા બનતા અટકાવવા તેમજ ચોરીના ગુના અટકાવવા સુચના કરેલ હોય

રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ. ડી.એમ.હરિપરા ના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના ગુ.ર.નં-૧૧૨૦૮૦૫૩૨૪૦૩૬૫/૨૦૨૪ આઇ.પી.સી. કલમ ૩૭૯, ૪૪૭ મુજબનો ગુનો તા.૨૦/૦૪/૨૦૨૪ ના રોજ જાહેર થયેલ હોય જે ગુનાના કામે ફરીયાદી માર્શલ ટ્રેડીંગ કંપનીના સ્ટોક યાર્ડમાં સર્વીસ મેનેજર તરીકે નોકરી કરતા હોઇ તેઓના ગોડલ રોડ ઉપર આવેલ પ્રેમવતી તથા ક્રીષ્નાપાર્ક હોટલની ની વચ્ચે આવેલ માર્શલ ટ્રેડીંગ કંપનીના સ્ટોક યાર્ડમાં પડેલ નવી મહીન્દ્રા મેકસ પીકઆપ એચ.ડી ૧.૭ વાળી ચાર અલગ અલગ ગાડીઓમાંથી ચાર સ્પેર વ્હીલ અંદાજે કીંમત રૂ ૫૬૦૦૦/- ના મતાની ચોરી થયેલ હોય જે ગુનાની તેમજ અન્ય વણ શોધાયેલ ગુન્હાને ડીટેકટ કરવા સારૂ સર્વેલન્સ સ્કોડ પોલીસ સબ ઇન્સ. પી.બી.ત્રાજીયા તથા સ્ટાફના માણસો પો.સ્ટે. વિસ્તારમા ખાનગી વાહનમાં પેટ્રોલીંગ કરતા હોય તે દરમ્યાન જીલુભાઇ મેરામભાઇ ગરચર તથા અજયભાઇ ભગવાનજીભાઇ ભુંડીયા નાઓને સી.સી.ટીવી ફુટેજ ચેક કરતા રૂટ આધારે ટેકનિકલ સોર્સિસ તથા હ્યુમન સોર્સિસ થી ચોક્કસ હકીકત મળતા એક ઇસમને પકડી પાડી મજકુર ની યુક્તી પ્રયુક્તથી સઘન પુછપરછ કરતા મુકેશ માલકિયા તથા અજય સાથે મળી તેઓએ ઉપરોક્ત ગુનાના કામે ચોરીમાં ગયેલ મુદામાલની ચોરી કરેલની કબુલાત આપેલ હોય જેથી મજકુર વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

| ગુ.ર.નં./ કલમ | અટક કરેલ આરોપીનુ નામ સરનામુ | કબ્જે લિધેલ મુદામાલ |
|---|---|---|
| રાજકોટ તાલુકા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૮૦૫૩૨૪૦૩૬૫/૨૦૨૪ આઇ.પી.સી. કલમ ૩૭૯, ૧૧૪ મુજબ | લાલજી ઉર્ફે લાલો કરશનભાઇ મેઘાણી ઉ.વ.૨૬ રહે. મંછાનગર શેરી નં.૭ હનુમાન મંદિર વાળી શેરી માર્કેટીંગ યાર્ડ રાજકોટ મુળ વતન ગામ જીયાણા તા.જી.રાજકોટ | મહીન્દ્રા મેકસ પીકઅપ ગાડીના સ્પેર વ્હીલ નંગ-૪ કીંમત રૂ.૫૬૦૦૦/- |
| પકડવાના બાકી આરોપી : (૧) મુકેશ માલકિયા રહે. માર્કેટીંગ યાર્ડ મંછાનગર રાજકોટ તથા (૨) અજય | | |

# કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઃ-

પોલીસ ઇન્સ. ડી.એમ.હરિપરા તથા પી.એસ.આઇ. પી.બી.ત્રાજીયા તથા એ.એસ.આઇ. અલ્પાબેન કુરજીભાઇ સાંગાણી તથા પો.હેડ.કોન્સ. કૌશેન્દ્રસિંહ રણજીતસિંહ ઝાલા તથા ક્રીપાલસિંહ સહદેવસિંહ ઝાલા તથા અજયભાઇ ભગવાનજીભાઇ ભુંડીયા તથા પો.કોન્સ. કુલદીપસિંહ દીલીપસિંહ જાડેજા તથા જીલુભાઇ મેરામભાઇ ગરચર તથા સંજયભાઇ વિરજીભાઈ માંડાણી તથા શીવભદ્રસિહ બાપાલાલ ગોહીલ તથા નિકુંજભાઈ ધીરજલાલ મારવીયા તથા મયુરસિંહ દૈવતસિંહ જાડેજા તથા મહાવિરસિંહ ધીરૂભા જાડેજા તથા જુગલભાઇ ગોકુળભાઇ કથીરીયા

તા-૨૩/૦૪/૨૦૨૪.

(ડી.એમ.હરિપરા)
પોલીસ ઇન્સ્પેકટર
રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર



# LOCAL CRIME BRANCH
# ZONE-2
# RAJKOT CITY

## રાજકોટ શહેરમાં તથા આજુબાજુના વિસ્તારમાં છેલ્લા બે વર્ષ દરમ્યાન થયેલ કુલ-૭ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી મધ્યપ્રદેશની કુખ્યાત ભુતીયા ગેંગના ચોરને પકડી પાડતી લોકલ ક્રાઇમ બ્રાંચ ઝોન-૨ રાજકોટ શહેર

રાજકોટ શહેર વિસ્તારમાં છેલ્લા એક વર્ષમાં અતિ ગંભીર ઘરફોડ ચોરીના બનાવો બનવા પામેલ હોય જે અન્વયે સદરહું ગુન્હાઓની ગંભીરતાને ધ્યાને લઇ ગુન્હાનો ભેદ ઉકેલવા તથા આમ નાગરિક ના જાનમાલ ને પોલીસ સુરક્ષા મળી રહે તે હેતુસર **મ્હે.પોલીસ કમિશ્નર શ્રી રાજુ ભાર્ગવ સાહેબ તથા એડીશનલ પોલીસ કમિશનર શ્રી વિધી ચૌધરી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ શ્રી સુધિરકુમાર દેસાઇ સાહેબ** ના ઓએ સદરહું ગુન્હાઓના આરોપીને તાત્કાલીક પકડી પાડી અન્ડીટેક્ટ ગુન્હાઓ શોધવા માટે સુચના કરેલ હોય જે સુચના અન્વયે **અમો પો.સબ.ઇન્સ. આર એચ ઝાલા** નાઓએ સરકાર શ્રી દ્વારા નિયુક્ત કરેલ આઇ.વે. પ્રોજેક્ટ ના કેમેરા તેમજ શહેરના કમાન્ડ એન્ડ કન્ટ્રોલ ના કેમેરા તથા અન્ય સી.સી.ટી.વી. ફુટેજ તેમજ હ્યુમન સોર્સ આધારે એલ.સી.બી. સ્ટાફને વોચમાં રહેવા માર્ગદર્શન આપવામાં આવેલ જેમાં અલગ અલગ ટીમો બનાવી ગુન્હો શોધી કાઢવા પ્રયત્ન શીલ રહેલ હોય દરમ્યાન રાજકોટ ગાંધીગ્રામ-૨ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૮૦૦૩૨૪૦૪૧૮/૨૦૨૪ આઇ.પી.સી. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબના ગુન્હાના કામે નીલ સીટી સંજય વાટીકા સોસાયટી ખાતેથી એક રહેણાંક મકાન ખાતેથી સોના ચાંદીના દાગીના તથા રોકડ રકમ રૂપીયા ૧૩,૨૫,૦૦૦/- ની ચોરી થયેલ હોય જે ગુન્હાના કામેનો ભેદ શોધી કાઢવા સારૂ એલ.સી.બી. ની ટીમ સતત પ્રયત્નશીલ હોય અને બનાવ બન્યા બાદથી આજદીન સુધી બનાવવાળી જગ્યાની આજુબાજુના તમામ સી.સી.ટી.વી. કેમેરાઓ ચેક કરેલ હોય આ દરમ્યાન **પો હેડ કોન્સ રાહુલભાઇ ગોહેલ તથા પો કોન્સ જયપાલસિંહ સરવૈયા તથા પો કોન્સ જેન્તીગીરી ગોસ્વામી** નાઓને ઉપરોક્ત ચોરીનો ગુન્હો આચરનાર આરોપી ને બાતમી આધારે કાલાવડ રોડ કટારીયા ચોકડી પાસે લક્ષ્મીના ઢોરા પાસેથી રોડ ઉપરથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

- પકડાયેલ આરોપીનુ નામ સરનામું:-
- (૧) રામસીંગ ઉર્ફે રામુ કાલુસીંગ અજનાર ઉ.વ. ૨૭ ધંધો-ખેતીકામ રહે- હાલ ખારાવડ વાડી વિસ્તાર ધુતારપર ગામ તા.કાલાવડ જી.જામનગર મૂળ રહે- રહે- રાતમાલીયા ગામ તા.જોબટ જી.અલીરાજપુર મધ્ય પ્રદેશ



➢ કબ્જે કરેલ મુદામાલ:-

| અનું નં. | કુલ મુદામાલની વિગત | કિંમત રૂપીયા |
|---|---|---|
| ૧ | રૂપીયા ૫૦૦ ના દરની ચલણી નોટો નંગ-૧૦૦ | ૫૦,૦૦૦/- |
| ૨ | ચાંદીનો જુડો નંગ-૧ જેનો વજન આશરે ૨૪૦ ગ્રામ | ૧૬,૮૦૦/- |
| ૩ | ચાંદીની વીટી નંગ-૨ જેનો વજન આશરે ૨૦ ગ્રામ | ૧૪૦૦/- |
| ૪ | મોબાઇલ ફોન નંગ-૦૧ | ૫૦૦/- |
| | **કુલ મુદામાલ** | **૬૮,૭૦૦/-** |

➢ પકડવા પર બાકી આરોપીઓના નામ:-

૧) રાજુ કેકડીયાભાઇ બઘેલ રહે- કદવાલ ગામ તા.જોબટ જી.અલીરાજપુર મધ્યપ્રદેશ
૨) મહેન્દ્ર કુંવરસિંહ મેડા રહે- ભુતીયા ગામ તા.ટાંડા જી.ધાર મધ્યપ્રદેશ
૩) મડીયો લેપાભાઇ મેડા રહે- જામકા ગામ તા.જી.ધાર મધ્યપ્રદેશ

➢ ડીટેક્ટ કરેલ ગુન્હાઓ :-

| અ નં. | પોલીસ સ્ટેશન તથા ગન્હા રજિસ્ટર નંબર |
|---|---|
| ૧ | રાજકોટ ગાંધીગ્રામ-૨ પો.સ્ટે. ગુ.ર.નં. ૪૧૮/૨૦૨૪ ઈ.પી.કો. કલમ ૩૮૦,૪૫૪,૪૫૭ મુજબ |
| ૨ | રાજકોટ ગાંધીગ્રામ-૨ પો.સ્ટે. ગુ.ર.નં. ૨૪૧/૨૦૨૪ ઈ.પી.કો. કલમ ૩૮૦,૪૫૪,૪૫૭ મુજબ |

## ➢ આરોપીઓએ આપેલ કબુલાત:-

૧) આજથી ચૌદેક દિવસ અગાઉ સંજય વાટીકા નીલ સીટી માં એક રહેણાંક મકાન માંથી સોના ચાંદીના દાગીના તથા મોબાઇલ તથા લેપટોપ તેમજ રોકડા રૂપીયાની ચોરી કરેલની કબુલાત આપેલ છે.
૨) આજથી દોઢેક મહિના પહેલા દોઢસો ફુટ રીંગ રોડ સોમેશ્વર મંદિર પાછળ પ્રશાંત એપાર્ટમેન્ટ ના સાતમા માળે એક ફ્લેટ માંથી રોકડા રૂપીયા તથા દાગીના તથા લેપટોપ ની ચોરી કરેલ કરેલની કબુલાત આપેલ છે.
૩) આજથી એકાદ વર્ષ અગાઉ સમાણા ગામ જી.જામનગર ખાતે બજારમાંથી એક સોનીની દુકાનમાંથી સોના ચાંદીના દાગીના ની ચોરી કરેલની કબુલાત આપેલ છે.
૪) આજથી દોઢેક વર્ષ અગાઉ મેટોડા જી.આઇ.ડી.સી. માં આવેલ રહેણાંક વિસ્તાર માંથી મકાનમાંથી રોકડા રૂપીયા તથા દાગીનાની ચોરી કરેલની કબુલાત આપેલ છે.
૫) આજથી દોઢેક વર્ષ અગાઉ કોઠારીયા ગામ ની સામે આવેલ એક સોસાયટી ના મેઇન રોડ ઉપર સોનીની દુકાન માં ચોરી કરેલ જેમાંથી ચાંદીનું છતર તથા સાંકડાની ચોરી કરેલ ની કબુલાત આપેલ છે.
૬) આજથી દોઢેક વર્ષ અગાઉ માધાપર ચોકડીથી આગળ એક નવી બનતી સાઇટની ઓફીસમાંથી ચોરી કરેલ નો પ્રયાસ કરેલ ની કબુલાત આપેલ છે.
૭) આજથી પાંચ છ મહિના પહેલા કાલાવડ રોડ એમ.ટી.વી. સામે આવેલ એક સોસાયટીમાં ખુણાના એક મકાનમાં તાળા તોડી ચોરી કરેલ ની કબુલાત આપેલ છે.

## ➢ આરોપીની એમ.ઓ.:-

આ કામે આરોપીઓ છેલા દશેક વર્ષથી ગુજરાતમાં અલગ અલગ ગામોમાં ખેત મજુરી કરતા હોય જેથી અહિના વિસ્તાર રોડ રસ્તાથી માહિતગાર હોય જેનો લાભ લઇ પોતાની વતન રાતમાળીયા તથા ભુતીયા ગામના માણસોને અહિ બોલાવી શહેરના બારોબારના રહેણાંક વિસ્તારો માં રહેલ બંધ મકાન ની રેકી કરી મકાનમાં કોઇ ના હોવાની ખાત્રી કરતા તેમજ જે જગ્યા કે ગામમાં ચોરી કરવાની હોય ત્યાંના આજુબાજુના અવાવરૂ વિસ્તારમાં સંતાઇ ને બેસી રહેતા અને મોડી રાત્રી થયે માણસોની અવર જવર ઓછી થતા ચોરીને અંજામ આપતા અને ચોરી કર્યા બાદ પણ તેજ જગ્યાએ સવાર સુધી સંતાઇ રહેતા કે જેથી પોલીસ કોઇ સી.સી.ટી.વી. કેમેરા ચેક કરે તો તેમાં તેની હાજર ના દેખાય અને ચોરી કર્યા બાદ પોતાના ખેતમજુરીના રહેણાંક પર જવા માટે અલગ અલગ વાહનો મારફતે પહોંચી જતા હતા.

➢ આરોપી રામસીંગ કાળુસીંગ અજનાર નો પૂર્વ ગુન્હાહિત ઈતિહાસ:-

| અનું નં. | પોલીસ સ્ટેશન તથા ગન્હા રજિસ્ટર નંબર |
|---|---|
| ૧ | મેઘપર પડાણા પો.સ્ટે. ગુ.ર.નં. ૦૦૨/૨૦૧૪ ઈ.પી.કો. કલમ ૩૭૯,૧૧૪ મુજબ |
| ૨ | શેઠવડાલા પો.સ્ટે. ગુ.ર.નં. ૦૦૩/૨૦૨૩ ઈ.પી.કો. કલમ ૩૮૦,૪૫૪,૪૫૭ મુજબ<br>**(સદરહું ગુન્હામાં આરોપી છેલ્લા દોઢેક વર્ષથી નાસતો ફરતો છે.)** |

➢ આરોપી રાજુ કેકરીયાભાઈ બઘેલ નો પૂર્વ ગુન્હાહિત ઈતિહાસ:-

| અનું નં. | પોલીસ સ્ટેશન તથા ગન્હા રજિસ્ટર નંબર |
|---|---|
| ૧ | શેઠવડાલા પો.સ્ટે. ગુ.ર.નં. ૦૦૩૭/૨૦૨૩ ઈ.પી.કો. કલમ ૩૮૦,૪૫૪,૪૫૭ મુજબ |

➢ આ કામગીરી કરનાર અધીકારીશ્રી તથા કર્મચારીઓ-

પો.સબ.ઈન્સ આર.એચ.ઝાલા તથા પો સબ ઈન્સ બી આર ભરવાડ ગાંધીગ્રામ-૨ પો.સ્ટે. તથા પો.હેડ.કોન્સ. વીરેન્દ્રસિહ ઝાલા તથા મૌલિકભાઈ સાવલીયા તથા હરપાલસિંહ જાડેજા તથા રાહુલભાઈ ગોહેલ તથા પો. કોન્સ. જેન્તીગીરી ગોસ્વામી તથા ધર્મરાજસિંહ ઝાલા તથા અમિનભાઈ ભલુર તથા ગાંધીગ્રામ-૨ પો.સ્ટે. ના પો હેડ કોન્સ રઘુભા વાળા તથા પો કોન્સ દિવ્યરાજસિંહ ઝાલા

તા. ૨૫/૦૪/૨૦૨૪

(આર એચ ઝાલા)
પો.સબ.ઈન્સ.
એલ.સી.બી. ઝોન-૨
રાજકોટ શહેર.

# ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન

## ૧૫૦ ફુટ રીંગ રોડ, મોદી સ્કુલની બાજુમાં રાજકોટ

# "CEIR" પોર્ટલના ઉપયોગથી કુલ-૧૧ મોબાઇલ ફોન કિ.રૂ.૧,૪૯,૭૨૩/- ના શોધી કાઢતી રાજકોટ શહેર ગાંધીગ્રામ

રાજકોટ શહેર મ્હે.પોલીસ કમિશ્નર શ્રી રાજુ ભાર્ગવ સાહેબ તથા એડી.પોલીસ કમીશ્નર શ્રી વિધિ ચૌધરી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ શ્રી સુધીરકુમાર દેસાઇ સા. તથા મદદનીશ પોલીસ કમિશ્નર પશ્ચીમ વિભાગ શ્રી રાધિકા ભારાઇ સાહેબ નાઓએ પો.સ્ટે વિસ્તારમાંથી ચોરી/ગુમ થયેલ મોબાઇલ ફોન શોધી કાઢવા સુચના માર્ગદર્શન આપેલ હોય જે અનુસંધાને અમો પોલીસ ઇન્સપેકટર બી.ટી.અકબરી નાઓના માર્ગદર્શન હેઠળ અત્રેના પો.સ્ટે.માં આવતી ગુમ મોબાઇલ ફોન અંગેની અરજીઓ અત્રેના પો.સ્ટે.ના તથા મહીલા પો.કોન્સ.નગ્માબેન સુમરા નાઓને આપવામાં આવેલ અને છેલ્લા એક માસમાં અત્રેના ગાંધીગ્રામ પો.સ્ટે.વિસ્તારમાંથી ગુમ/ચોરાયેલ મોબાઇલ ફોનની ફરિયાદ/અરજી મળતી હોય છે. જે ફરીયાદ/અરજી ઉપરથી "CEIR" પોર્ટલ તથા હ્યુમન સોર્સીસનો ઉપયોગ કરી "CEIR" પોર્ટલમાં સતત મોનિટરીંગ કરી આવા ગુમ/ચોરાયેલ મોબાઇલ ફોનને શોધી કાઢવામાં આવેલ છે. જેમા છેલ્લા એક માસમાં "CEIR" પોર્ટલનો ઉપયોગ કરી કુલ-૧૧ મોબાઇલ ફોન "CEIR" પોર્ટલ દ્વારા શોધી રીકવર કરવામાં આવેલ છે. અને મોબાઇલના માલીકોને શોધી કાઢવામાં આવેલ છે.



**કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારી:-**

પો.ઈન્સ. બી.ટી.અકબરી તથા સેકન્ડ પો.ઇન્સ બી.બી.જાડેજા તથા એ.એસ.આઇ ધર્મેન્દ્રસિંહ રાણા, તથા પો.હેડ.કોન્સ મશરીભાઇ ભેટારીયા તથા અમીતભાઇ કોરાટ, તથા પો.કોન્સ. રઘુવીરસિંહ જાડેજા, કુલદિપસિંહ રાણા, શકિતીસિંહ ગોહીલ તથા રોહીતભાઇ કછોટ, મુકેશભાઇ સબાડ, રોહીતદાન ગઢવી, પ્રદિપભાઇ ડાંગર,પ્રશાંતભાઇ ગજેરા તથા મહીલા પો.કોન્સ.નગ્માબેન સુમરા

તા.૨૫/૦૪/૨૦૨૪

(બી.ટી.અકબરી)
પોલીસ ઇન્સ્પેક્ટર
ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર

# "એ" ડીવીઝન પોલીસ સ્ટેશન રાજકોટ શહેરની પ્રેસ નોટ

## રાજકોટ શહેરના અલગ-અલગ અરજદારશ્રીઓને સાયબર ફ્રોડ થી ગુમાવેલ કુલ Rs. 1,09,333/- પરત અપાવતી રાજકોટ શહેર "એ" ડીવીઝન પોલીસ સ્ટેશન સાયબર ટીમ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી રાજુ ભાર્ગવ સાહેબ તથા એડીશનલ પોલીસ કમીશ્નર શ્રી વિધી ચૌધરી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ શ્રી સુધીરકુમાર દેસાઇ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર દક્ષીણ વિભાગ શ્રી બી.જે.ચૌધરી સાહેબ નાઓએ સાયબર ક્રાઇમ દ્વારા જે અરજદારશ્રીઓએ સાયબર ફ્રોડ થી રૂપીયા ગુમાવેલ હોય તે પરત અપાવવા સુચના કરેલ હોય જેથી "એ" ડીવીજન પોલીસ સ્ટેશનના પો.ઇન્સ. આર.જી.બારોટ સાહેબના માર્ગદર્શન હેઠળ "એ" ડીવીઝન પોલીસ સ્ટેશન સાયબર ટીમના ઇન્ચાર્જ એ.એસ.આઇ. શ્રી એમ.વી.લુવા તથા કર્મચારીશ્રી પો.હે.કોન્સ જયેન્દ્રસિંહ મદારસિંહ તથા પો.કોન્સ અમીતકુમાર ખીમજીભાઇ તથા મનીષભાઇ પરબતભાઇ નાઓ દ્વારા અરજદારશ્રી ઓને સાયબર ફ્રોડ થી ગુમાવેલ રૂપીયા પરત અપાવામા આવેલ છે. જે નીચે મુજબ છે.

- **અરજદારશ્રીઓ ની વિગત-:**
- **1.** અરજદારશ્રી નિર્મળ સંજયભાઇ આસોડીયા રહે.રાજકોટ વાળા નાઓને ટેલીગ્રામ મા જેબ પે નામની લીંક પરથી તેમા અલગ અલગ ઇન્વેસ્ટમેન્ટના ટાસ્ક પુર્ણ કરી પૈસા કમાવવાની લોભામણી લાલચ આપી સાયબર ફ્રોડ કરેલ હોય જેના Rs.11,000/- પરત અપાવેલ છે.
- **2.** અરજદારશ્રી પ્રીતેશ શૈલેષભાઇ પુજારા રહે.રાજકોટ વાળા નાઓ સાથે ક્રેડીટ કાર્ડ બીલ ભરવા બાબતે સાયબર ફ્રોડ થયેલ હોય જેના Rs.58,071/- પરત અપાવેલ છે.
- **3.** અરજદારશ્રી કેવલ જીતેન્દ્રભાઇ માંડલીયા રહે.રાજકોટ વાળા નાઓએ ક્રેડીટ કાર્ડ માથી USD રુપે પૈસા ગુમાવેલ હતા જેના Rs.7,262/- પરત અપાવેલ છે
- **4.** અરજદારશ્રી મીત ભાવેશભાઇ લાઠીયા રહે.રાજકોટ વાળા નાઓ સાથે તેમના ભાભીના ઇન્સ્ટાગ્રામ આઇડી હેક કરી તેમના આઇ ડી માથી વાત કરી ક્રીપ્ટો કરંસી મા રોકાણ કરી પોતે પૈસા કમાઇ છે જેથી અરજદારશ્રીને પણ આજ રીતે પૈસા કમાવવાની લાલચ આપતા અરજદારશ્રીને એમ કે તેમના ભાભી જ હશે જેથી તેમણે વિશ્વાસ કરીને રોકાણ કરેલ પરંતુ પાછળ થી ખ્યાલ આવેલ કે તેમના ભાભી નથી અને આ રીતે તેમની સાથે સાયબર ફ્રોડ થયેલ હતુ જેના Rs.27,000/- પરત અપાવેલ છે
- **5.** અરજદારશ્રી નીતીનભાઇ કાનતીલાલ રાણપરા રહે.રાજકોટ વાળા નાઓ સાથે હોટલ બુકીંગના નામે સામાવાળાએ સાયબર ફ્રોડ કરેલ હોય જેના Rs.6,000/- કોર્ટ ઓર્ડર કરાવી બેંક નોડલના સંપર્કમા રહીને પરત અપાવેલ છે.
- **આમ ઓનલાઇન ફ્રોડથી અરજદારશ્રીઓએ ગુમાવેલ Rs.1,09,333/- પરત અપાવવામા આવેલ છે.**
- **કામગીરી કરનાર અધિકારીશ્રી તથા કર્મચારીશ્રીઓ -:**

**પોલીસ ઇન્સ્પેકટરશ્રી આર.જી.બારોટ તથા કર્મચારીશ્રી એ.એસ.આઇ. શ્રી એમ.વી.લુવા, તથા પો.હે.કોન્સ જયેન્દ્રસિંહ મદારસિંહ તથા પો.કોન્સ અમીતકુમાર ખીમજીભાઇ તથા મનીષભાઇ પરબતભાઇ "એ" ડીવીજન પોલીસ સ્ટેશન રાજકોટ શહેર.**

**તા.૨૭/૦૪/૨૦૨૪**



**(આર.જી.બારોટ)**
**પોલીસ ઇન્સ્પેકટર**
**"એ" ડીવીઝન પોલીસ સ્ટેશન**
**રાજકોટ શહેર**

PRESS NOTE

| | | |
|---|---|---|
| | **પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન**<br>**રાજકોટ શહેર** | |

## રાજકોટ શહેર પ્ર.નગર પોલીસ સ્ટેશનના અપહરણ/ગુમ થયેલ બાળકને ગણતરીના કલાકોમા શોધી કાઢતી પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનની ટીમ

રાજકોટ શહેરના મ્હે. પોલીસ કમિશ્નર શ્રી રાજુ ભાર્ગવ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી વિધી ચૌધરી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ શ્રી સુધીરકુમાર દેસાઈ સા. તથા મદદનીશ પોલીસ કમિશ્નર પશ્ચિમ વિભાગ શ્રી રાધીકા ભારાઇ સા.નાઓએ ગુમ તેમજ અપહરણ થયેલ ભોગબનનારનાઓને શોધી કાઢવા સુચના કરેલ હોય અને પ્ર.નગર પોસ્ટે ગુ.ર.ન ૧૧૨૦૮૦૪૪૨૪૦૩૩૨/૨૦૨૪ આઇ.પી.સી.કલમ ૩૬૩ મુજબનો ગુનો દાખલ થયેલ હોઇ જે અનુસંધાને અમો પો.ઈન્સ.બી.એમ.ઝણકાટ સા.નાઓએ પ્ર.નગર પો.સ્ટે. તેમજ જંકશન ચોકી સ્ટાફનાઓને અપહરણના ગુનામા ભોગબનનાર સગીરવયની બાળકીને શોધી કાઢવા માટે સીસીટીવી ફુટેજ તેમજ આસપાસ અવાવરૂ જગ્યા તપાસવા તેમજ કોઇ અઘટીત ઘટના ન બને તે માટે તાત્કાલીક શોધી કાઢવા યોગ્ય માર્ગદર્શન સુચના આપેલ હોય તે દરમ્યાન સ્ટાફના પો.કોન્સ. કનુભાઇ કરમશીભાઇ ઘેડ તથા રસીકભાઇ મોહનભાઇ ધાધલ નાઓ સદરહુ બાળકીની શોધખોળ તપાસ દરમ્યાન પરસાણાનગર શેરી ન ૧ રેલ્વેના ટ્રેક પાસે હનુમાનજીના મંદિર પાસે એકલી જોવામા આવતા ચોકી સ્ટાફને તથા ઉપરી અધીશ્રીને માહીતગાર કરી સદરહુ સગીરવયની બાળકીને યોગ્ય કાર્યવાહી કરી તેના વાલી વારસને સોપી આપેલ છે

► કામગીરી કરનાર અધિકારીશ્રી/ સ્ટાફ :-

પો.ઇન્સ.બી.એમ.ઝણકાટ તથા પી.આર.ડોબરીયા તથા પો.સબ.ઇન્સ જે.જી.તેરૈયા તથા બી.વી.ચુડાસમા તથા એ.એસ.આઇ. ડી.વી.ખાંભલા તથા સી.એમ.ચાવડા તથા પો.હેડ.કોન્સ ધર્મેશભાઇ ડાંગર પો.કોન્સ.કનુભાઇ ઘેડ તથા રસીકભાઇ ધાધલ તથા પ્રતાપભાઇ તથા તુલસીભાઇ ચુડાસમા તથા ઇમરાનભાઇ વિગેરે

(બી.એમ.ઝણકાટ)
પોલીસ ઈન્સપેકટર
પ્ર.નગર પો.સ્ટે.
રાજકોટ શહેર

# RAJKOT CITY
# CRIME BRANCH

## પ્રેસ નોટ

**રાજકોટ શહેર કુવાડવારોડ પો.સ્ટે. ના જીરા અને ચણાની ખરીદી કરી રૂ.૧૭,૬૬,૦૪૭/- ની છેતરપીંડી આચરનાર ગુન્હામાં છેલ્લા છ વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રી,રાજુ ભાર્ગવ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી, વિધી ચૌધરી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી(ક્રાઇમ), ડો.પાર્થરાજસિંહ ગોહિલ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી(ક્રાઇમ) ભરત બી. બસીયા સાહેબ દ્રુવારા મિલ્કત સંબંધી તેમજ શરીર સંબંધી બનતા ગુન્હાઓ અટકાવવા તેમજ અનડીટેકટ ગુન્હાઓ ડીટેકટ કરવા માટે તેમજ આગામી લોકસભા - ૨૦૨૪ ની ચુંટણી હોય જેમાં નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે પ્રોહી ના કેસો કરવા તેમજ જુગારના કેસો કરવા માટે જરૂરી સુચના કરેલ હોય જે સુચના અન્વયે રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ અમો પોલીસ ઇન્સ. શ્રી.એમ.આર.ગોંડલીયા ની ટીમ રાજકોટ શહેરમાં બનતા મીલ્કત સંબંધી ગુન્હાઓ તેમજ શરીર સંબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ અનડીટેક ગુન્હાઓ ડીટેકટ કરવા તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા તેમજ પ્રોહી/જુગારના કેસો કરવા માટે સતત પ્રયત્નશીલ હોય તેમજ આ બાબતે અમારી ટીમોને જરૂરી સુચનાઓ કરેલ હોય.

આજરોજ તા.૨૪/૦૪/૨૦૨૪ ના રોજ પો.સબ ઇન્સ. ડી.સી.સાકરીયા તથા ટીમના માણસો રાજકોટ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય દરમ્યાન એ.એસ.આઇ. રણજીતસિંહ પઢારીયા પો.હેડ કોન્સ. હરદેવસિંહ રાઠોડ , સંજયભાઇ દાફડા, વિજયરાજસિંહ જાડેજા ને મળેલ ખાનગી રાહે હકીકતના આધારે રાજકોટ શહેર , કુવાડવારોડ પોલીસ સ્ટેશનના સને - ૨૦૧૮ ના ગુન્હામાં જીરા તેમજ ચણાની મોટા પ્રમાણમાં રૂ.૧૭,૬૬,૦૪૭/- ની ખરીદી કરી છેતરપીંડી આચરેલ હોય જે અંગેનો ગુન્હો રજીસ્ટર્ડ થયેલ હોય જે ગુન્હામાં છેલ્લા ૬ વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## પકડાયેલ આરોપી-

કનુભાઇ ડાયાભાઇ પટેલ ઉ.વ.૫૪ ધંધો.સીકયોરીટીમાં નોકરી રહે. મોરબી પીપળી રોડ પર વનરાજભાઇ ના કારખાને મુળ વતન - રૂપપુર ગામ તા.ચાણસ્મા જી.પાટણ

## ગુન્હાની વિગત-

રાજકોટ શહેર , કુવાડવારોડ પો.સ્ટે. I-ગુ.ર.નં.૧૩૨/૨૦૧૮ આઇ.પી.સી. કલમ - ૪૦૬,૪૨૦,૫૦૬(૨)

## કામગીરી કરનાર -

રાજકોટ શહેર ડી.સી.બી. પોલીસ સ્ટેશન ના પો.સબ ઇન્સ. શ્રી. ડી.સી.સાકરીયા , એ.એસ.આઇ. રણજીતસિંહ પઢારીયા , અશોક કલાલ , પો.હેડ કોન્સ. હરદેવસિંહ રાઠોડ , સંજયભાઇ દાફડા , વિજયરાજસિંહ જાડેજા, પોલીસ કોન્સ. કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા

તા.૨૪/૦૪/૨૦૨૪

(એમ.આર.ગોંડલીયા)
પોલીસ ઇન્સ.
ડી.સી.બી. પો. સ્ટે.
રાજકોટ શહેર

પ્રેસનોટ

# RAJKOT CITY CRIME BRANCH

## રાજકોટ જામનગર હાઈવે ઘંટેશ્વર ચોકડી પાસેથી એક ઈસમને વિદેશી દારૂના જથ્થા સાથે પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રી રાજુ ભાર્ગવ સાહેબ તથા અધિક પોલીસ કમીશ્નરશ્રી વિધિ ચોધરી સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નરશ્રી (ક્રાઇમ) પાર્થરાજસિંહ ગોહિલ સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશ્નરશ્રી (ક્રાઇમ) બી.બી.બસીયા સાહેબનાઓએ પ્રોહિ/જુગારના કેશો શોધી અસરકારક કામગીરી કરવા સુચના કરેલ હોય જે અન્વયે ક્રાઇમ બ્રાન્ચ પોલીસ ઇન્સપેક્ટર એમ.આર.ગોંડલીયા સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સબ.ઇન્સ.એ.એસ.ગરચર તથા તેમની ટીમ ના પોલીસ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.કોન્સ. હરપાલસિંહ જાડેજા તથા મહેશભાઈ ચાવડાને મળેલ સંયુકત બાતમી આધારે રાજકોટ જામનગર હાઈવે ઘંટેશ્વર ચોકડી પાસે રોડ ઉપરથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ સાથે સાથે એક ઈસમ મળી આવતા કાયદેસરની કાર્યવાહી કરવા માં આવેલ છે.

**પકડાયેલ આરોપીનું  નામ સરનામું :**

કેયુર નીતીનભાઈ સંઘવી જાતે વાણીયા ઉવ.૨૭ ધંધો.મજુરીકામ રહે. એસ.આર.પી.કેમ્પ સામે વર્ધમાનનગર વી-૮૮ બંગલો સામે સમય એપાર્ટમેન્ટ ફ્લેટ નં-૧૦૪ જામનગર રોડ રાજકોટ

**મળી આવેલ મુદામાલ**

(૧) ઓલ સીઝન વ્હીસ્કી ૧૮૦ એમ.એલ.પ્લાસ્ટીકના કંપની શીલપેક ચપલા નંગ-૪૮૦ કિ.રૂ.૪૮,૦૦૦/-
(૨) 8 પી.એમ બ્લ્યુ વ્હીસ્કી ના ૧૮૦ એમ.એલ.ના કંપની શીલપેક ચપલા નંગ-૧૯૨ કિ.રૂ.૧૯,૨૦૦/-
એમ કુલ કિ.રૂ.૬૭,૨૦૦/- નો મુદામાલ

**શોધી કાઢેલ ગુન્હો:-**

રાજકોટ શહેર, ડી.સી.બી. પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૮૦૫૫૨૪૦૧૧૫/૨૦૨૪
પ્રોહિ કલમ.૬૫ઈ.૧૧૬બી,મુજબનો ગુન્હો શોધી કાઢવામાં આવેલ છે.

**કામગીરા કરનાર અધિકારી/કર્મચારી:-** રાજકોટ શહેર, ક્રાઇમ બ્રાન્ચ પોલીસ ઈન્સ્પેકટર એમ.આર.ગોંડલીયા તથા પોલીસ સબ ઇન્સ્પેકટર એ.એસ.ગરચર, પો.હેડ કોન્સ. અનીલભાઈ એસ સોનારા, પોલીસ કોન્સ.મહેશભાઈ ચાવડા, હરપાલસિંહ જાડેજા,હરદેવસિંહ રાણાનાઓ દ્રારા કરવામાં આવેલ છે,

તા.૨૧/૦૪/૨૦૨૪

(એમ.આર.ગોંડલીયા)
પોલીસ ઈન્સ્પેકટર
ડી.સી.બી.પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર

RAJKOT CITY

सतर्क समर्थ सशक्त

CRIME BRANCH

# RAJKOT CITY
# CRIME BRANCH

## પ્રેસ નોટ

**હિન્દુ નામ ધારણ કરી વિધવા સ્ત્રી સાથે મિત્રતા કેળવી અનેક વખત દુષ્કર્મ આચરનાર તેમજ ગુજસીટોક સહીતના ગુન્હાઓમાં પકડાઇ ચુકેલ આરોપીને ગણતરીના દિવસોમાં પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ**

ગત તા.૧૮/૦૪/૨૦૨૪ ના રોજ રાજકોટ શહેર મહીલા પો.સ્ટે. માં ભોગબનનાર એક વિધવા સ્ત્રી હોય જેની સાથે એક વ્યકતીએ હિન્દુ નામ ધારણ કરી લગ્નની લાલચ આપી અનેક વખત દુષ્કર્મ આચરેલ હોય જે અંગેનો ગુન્હો દાખલ થયેલ હોય અને આ ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઇ આ કામે આરોપીને તાત્કાલીક પકડવા માટે રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રી,રાજુ ભાર્ગવ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી, વિધી ચૌધરી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી(ક્રાઇમ), ડો.પાર્થરાજસિંહ ગોહિલ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી(ક્રાઇમ) ભરત બી. બસીયા સાહેબનાઓએ સુચના કરેલ હોય. જે અન્વયે મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી(ક્રાઇમ) ભરત બી. બસીયા સા. તથા અમો પોલીસ ઇન્સ. એમ.આર.ગોંડલીયા ના સીધા માર્ગદર્શન હેઠળ ડી.સી.બી. પો. સ્ટે. ના પો.સબ ઇન્સ. શ્રી.ડી.સી.સાકરીયા અને ટીમને આરોપીને તાત્કાલીક પકડી પાડવા સુચના તેમજ માર્ગદર્શન આપેલ હોય જે અનવ્યે એ.એસ.આઇ રણજીતસિંહ પઢારીયા તથા એચ.સી. સંજયભાઇ દાફડા, હરદેવસિંહ રાઠોડ નાઓની બાતમીના આધારે આજરોજ તા.૨૩/૦૪/૨૦૨૪ ના નીચે જણાવેલ નામવાળા આરોપીને રાજકોટ શહેર ,જામનગર રોડ સાંઢીયા પુલના ખુણા પાસેથી  પકડી લઇ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

પકડાયેલ આરોપી-

યાસીન ઉર્ફે ભુરો સ/ઓ ઓસમાણભાઇ કૈયડા - સંધી ઉ.વ.૩૬ ધંધો. હાલ કાંઇ નહીં રહે. લાખાબાપાની વાડી , કમેટી ચોક પાસે , જામનગર રોડ સ્લમ કર્વા. પાસે રાજકોટ

**આરોપી વિરૂધ્ધ દાખલ થયેલ ગુન્હાની વિગત-**

રાજકોટ શહેર , મહીલા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૮૦૦૧૨૪૦૦૩૮/૨૦૨૪ આઇ.પી.સી. કલમ - ૩૭૬(૨)(એ),૩૨૩,૫૦૪ મુજબ

**આરોપીનો ગુન્હાહિત ઇતીહાસ -**

(૧) રાજકોટ શહેર , પ્ર.નગર પો.સ્ટે. ગુ.ર.નં.I-૨૯૫/૨૦૧૫ આઇ.પી.સી. કલમ - ૩૯૫,૪૨૭,૪૫૨, ૫૦૪,૫૦૩ વિગેરે

(૨) રાજકોટ શહેર , પ્ર.નગર પો.સ્ટે. એન.સી. ગુ.ર.નં.૫૯/૨૦૧૭ આઇ.પી.સી. કલમ - ૩૨૩,૫૦૪

(૩) રાજકોટ શહેર , પ્ર.નગર પો.સ્ટે. ગુ.ર.નં.I-૭૪/૨૦૧૮ આઇ.પી.સી. કલમ - ૩૦૭ વિગેરે

(૪) સને - ૨૦૧૯ માં રાજકોટ શહેરથી પાસા કરવામાં આવેલી

(૫) રાજકોટ શહેર , પ્ર.નગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૮૦૪૪૨૦૨૧૮૫/૨૦૨૦ ગુજસીટોક કલમ - ૩(૧)આઇ. , ૩(૧)આઇ.આઇ , ૩(૨) , ૩(૪) મુજબ

**કામગીરી કરનાર -**

રાજકોટ શહેર ડી.સી.બી. પોલીસ સ્ટેશન ના પો.ઇન્સ. શ્રી. એમ. આર.ગોંડલીયા , પો.સબ ઇન્સ. શ્રી. ડી.સી.સાકરીયા , એ.એસ.આઇ. રણજીતસિંહ પઢારીયા , અશોક કલાલ , પો.હેડ કોન્સ. વિજયરાજસિંહ જાડેજા, હરદેવસિંહ રાઠોડ , સંજયભાઇ દાફડા , મયુરભાઇ મીયાત્રા , પોલીસ કોન્સ. કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા , રામશીભાઇ કાળોતરા

તા.૨૩/૦૪/૨૦૨૪

(એમ.આર.ગોંડલીયા)
પોલીસ ઇન્સ.
ડી.સી.બી. પો. સ્ટે.
રાજકોટ શહેર

# પ્રેસનોટ

| | | |
|---|---|---|
| | **RAJKOT CITY**<br>**CRIME BRANCH** | |

## રાજકોટ શહેર કુવાડવા રોડ પોલીસ સ્ટેશન ના અપહરણ ના ગુન્હાના નાસતા-ફરતા આરોપીને ભોગબનનાર સાથે પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર સાહેબ તથા, અધિક પોલીસ કમિશનર સાહેબ તથા, નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) તથા, મદદનીશ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) સાહેબ રાજકોટ શહેર, નાઓએ નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા સુચના કરેલ હોય

જે અન્વયે રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ પો.સ્ટે. ના પોલીસ ઇન્સપેકટર એમ.આર.ગોંડલીયા તથા ટીમના માણસો સતત પ્રયત્નશીલ હતા તે દરમ્યાન એ.એસ.આઇ. રૂષીરાજસિંહ જાડેજા તથા પો.હેડ કોન્સ. સુભાષભધાઇ ઘોઘારી, પો.કોન્સ. ઉમેશભાઇ ચાવડા, નાઓને મળેલ હકિકત આધારે રાજકોટ શહેર કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના મા નોંધાયેલ અપહરણના ગુન્હા મા પાંચ માસથી નાસતા ફરતા આરોપીને ભોગબનનાર સાથે પકડી કાયદેસર કાર્યવાહી કરવામા આવેલ છે.

➢ **ગુન્હાની વિગત-**

આ કામે ફરીયાદીની સગીરવયની દીકરી ને આરોપી લગ્ન કરવાની લાલચ આપી ફરીયાદીના કાયદેસરના વાલીપણા માંથી અપહરણ કરી લઇ જઇ ગુન્હો કરેલ છે

➢ **આરોપી:-**

સુનીલભાઇ ગેમાભાઇ પરમાર ઉ.વ.-૨૨ ધંધો-મજુરી રહે, ધનેલા ગામ તા.બાલાસીનોર જીલ્લો મહિસાગર

➢ **કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:-**

રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ પોલીસ ઇન્સ્પેકટર એમ.આર.ગોંડલીયા તથા એ.એસ.આઇ. રૂષીરાજસિંહ જાડેજા તથા પો.હેડ કોન્સ. સુભાષભાઇ ઘોઘારી તથા પો.કોન્સ. ઉમેશભાઇ ચાવડા, નાઓ દ્વારા કામગીરી કરવામા આવેલ છે.

(એમ.આર.ગોંડલીયા)
પોલીસ ઇન્સપેકટર
ડી.સી.બી. પો.સ્ટે.
રાજકોટ શહેર

# પ્રેસનોટ

**RAJKOT CITY**
**CRIME BRANCH**

## રૈયા રોડ, સમન્વય સોસાયટી માંથી બે ઇસમોને રૂ.૯૯,૯૦૮/- ના ઇંગ્લીશ દારૂના જથ્થા સાથે પકડી પાડતી, રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી રાજુ ભાર્ગવ સાહેબ, તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી વિધી ચૌધરી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ક્રાઇમ) શ્રી ડો.પાર્થરાજસિંહ ગોહીલ સાહેબ તથા, મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી (ક્રાઇમ) શ્રી ભરત બી. બસીયા સાહેબ, તથા ડી.સી.બી.પો.સ્ટે.ના પો.ઇન્સ.શ્રી એમ.આર.ગોંડલીયા નાઓ દ્વારા દારૂ/જુગારની બદી સદંતર નેસ્ત નાબુદ કરવા અને દારૂ/જુગારના કેસો શોધી કાઢવા સારૂ સુચના કરેલ હોય જે સુચના અન્વયે ક્રાઇમ બ્રાન્ચના પો.સ.ઇ. એમ.જે.હુણ સતત પ્રયત્નશીલ હતા. દરમ્યાન પો.હેડ.કોન્સ. અમિત અગ્રાવત તથા પો.કોન્સ. વાલજીભાઇ જાડા ને મળેલ હકીકત આધારે સમન્વય સોસાયટી, મકાન નં.30, રૈયા રોડ રહેણાંક મકાનમાં પ્રોહી અંગેની રેઇડ કરતા ઇંગ્લીશ દારૂની બોટલ નંગ- ૨૯ મળી આવતા ડી.સી.બી.પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૮૦૫૫૨૪૦૧૨૨/૨૦૨૪ પ્રોહી કલમ ૬૫ઇ,૧૧૬બી, ૮૧ મુજબથી ગુન્હો દાખલ કરવામાં આવેલ છે.

➢ **આરોપીઓઃ-**

(૧) મનીષભાઇ રસિકભાઇ સાંચલા ઉ.વ.30 રહે.કોઠારીયા રોડ, રણુજાનગર, શેરી નં.3, રાજકોટ
(૨) પારસ ઉર્ફે રાજેશ સુભાષભાઇ વાળા ઉવ. ૨૩ રહે. હાલ: સમન્વય સોસાયટી, મકાન નં.30, રૈયા રોડ રાજકોટ મુળ. જય અંબે સોસાયટી, ગરબી ચોક, ગાત્રાળ માતાજીના મંદીરની બાજુમાં મીઠાપુર જી. દેવભુમી દ્વારકા
(૩) પકડવાનો બાકી આરોપી નિખીલ કોટેચા રહે.રાજકોટ

➢ **મળી આવેલ મુદ્દામાલઃ-**

ઇંગ્લીશ દારૂની બોટલ નંગ-૨૯ કિ.રૂ. ૯૯,૯૦૮/-

➢ **કામગીરી કરનાર અધીકારી તથા કર્મચારી –**

રાજકોટ શહેર ડી.સી.બી. પો.સ્ટે. ના પો.ઇન્સ.શ્રી એમ.આર.ગોંડલીયા પો.સ.ઇ.શ્રી એમ.જે.હુણ તથા પો.હે.કો. સંજયભાઇ રૂપાપરા, કિરતસિંહ ઝાલા, જનકભાઇ કુગશીયા, અમિત અગ્રાવત તથા પો.કોન્સ. વાલજીભાઇ જાડા તથા નગીનભાઇ ડાંગર, પ્રદિપસિંહ જાડેજા દ્વારા કામગીરી કરવામા આવેલ છે.

તા.૨૬/૦૪/૨૦૨૪

(એમ.આર.ગોંડલીયા)
પોલીસ ઇન્સ્પેકટર
ડી.સી.બી. પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર.

# RAJKOT CITY
# CRIME BRANCH

## ફોર વ્હિલ ગાડીના માલીકોને વિશ્વાસમાં લઇ સેલ્ફ ડ્રાઇવીંગના બહાને અલગ-અલગ ફોર વ્હિલ ગાડીઓ ભાડેથી મેળવી લઇ, ગાડીનું ભાડું કે ગાડીઓ પરત નહિ આપી છેતરપીંડી અને વિશ્વાસઘાત કરી કૌભાંડ આચરનાર ઇસમોને પકડી પાડી કૂલ- ૪૭ ફોર વ્હિલ ગાડીઓ કિ.રૂ. ૩,૫૧,૫૦,૦૦૦/- નો મુદામાલ રીકવર કરતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

છેલ્લા ઘણા સમયથી રાજકોટ શહેર વિસ્તારમાં અલગ-અલગ ફોર વ્હિલ ગાડીના માલીકો સેલ્ફ ડ્રાઇવીંગમાં તેઓની ફોર વ્હિલ ગાડીઓ ભાડેથી આપતા હોય અને અમુક ઇસમો આવી ગાડીઓ સેલ્ફ ડ્રાઇવીંગમાં ભાડેથી મેળવી લઇ બાદમાં ગાડીઓનું ભાડું નહિ ચુકવી કે ગાડીઓ પરત નહિ આપતા હોવાના બનાવો બનતા હોય તેમજ તાજેતરમાં જ રાજકોટ શહેરના અલગ-અલગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં અલગ-અલગ ગાડી માલીકો પાસેથી કૂલ ૫૦ થી વધુ ફોર વ્હિલ ગાડીઓ આવા ઇસમો દ્વારા સેલ્ફ ડ્રાઇવીંગમાં ભાડેથી મેળવી, ગાડી માલીકને ગાડીનું ભાડું કે ગાડી પરત નહિ આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ હોય જે બાબતે આરોપી (૧) કાનજી ઉર્ફે આકાશ ઉર્ફે અક્કી ગોગનભાઇ પટેલ રહે- રાજકોટ તથા (૨) બીલાલશા હસનશા શાહમદાર રહે- જામનગર વાળાઓ વિરૂદ્ધ રાજકોટ શહેરના અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં ગુન્હાઓ રજીસ્ટર્ડ થયેલ હોય અને સદરહું ગુન્હાઓમાં સંડોવાયેલ આરોપીઓ દ્વારા છેતરપીંડી આચરવાનું મોટું રેકેટ ચલાવવામાં આવતું હોવાની શક્યતા રહેલી હોય જેથી ગુન્હાઓની ગંભીરતાને ધ્યાને લઇ આ કામેની આગળની તપાસ ડી.સી.બી. પોલીસ સ્ટેશનના પો.સબ ઇન્સ. એમ.જે.હુણને સોંપવામાં આવેલ જેના કામે

પોલીસ કમિશ્નરશ્રી રાજુ ભાર્ગવ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી વીધી ચૌધરી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ક્રાઇમ) ડો. પાર્થરાજસિંહ ગોહિલ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી (ક્રાઇમ) ભરત બી. બસીયા સાહેબ નાઓએ ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઇ, આ કામેના આરોપીઓને તાત્કાલીક શોધી કાઢી, ફરીયાદીઓ તથા સાહેદોની ફોર વ્હિલ ગાડીઓ રીકવર કરવા સુચના કરેલ હોય,

જેથી ઉપરી અધિકારીશ્રીની સુચના અન્વયે ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી એમ.આર.ગોંડલીયા નાઓના માર્ગદર્શન હેઠળ પો.સબ.ઇન્સ. એમ.જે.હુણ તથા ટીમના પોલીસ સ્ટાફના માણસો હ્યુમન સોર્સીસ તથા ટેકનિકલ સોર્સ મારફતે ઉપરોક્ત ગુન્હાના આરોપીઓને પકડી પાડવા પ્રયત્નશીલ હતા દરમ્યાન પોલીસ સબ ઇન્સ. એમ.જે.હુણને મળેલ ખાનગી હકીકત આધારે ગુન્હામાં સંડોવાયેલ નીચે જણાવેલ નામ વાળા આરોપીઓને રાજકોટ, જામનગર રોડ ખાતેથી પકડી પાડી, ગુન્હાના કામે અટક કરી, મજકૂર બંન્ને આરોપીઓએ ઉપરોક્ત ગુન્હાના ફરીયાદી તથા સાહેદોને વિશ્વાસમાં લઇ તેઓની અલગ-અલગ ફોર વ્હિલ ગાડીઓ સેલ્ફ ડ્રાઇવીંગના બહાને ભાડેથી મેળવી લઇ, આ ફોર વ્હિલ ગાડીઓ બાબતે અલગ-અલગ સાહેદોને ખોટી હકીકતો જણાવી, છેતરપીંડી અને વિશ્વાસઘાત કરી મેળવેલ ગાડીઓ બારોબાર આપી દીધેલ હોય જે અલગ-અલગ સાહેદો પાસેથી કુલ ૪૭ ફોર વ્હિલ ગાડીઓ જે કિ.રૂ. ૩,૫૧,૫૦,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

➢ **રીકવર કરેલ મુદામાલ –**

| રાજકોટ શહેર, બી-ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૮૦૫૧૨૪૦૩૦૨/૨૦૨૪ આઇ.પી.સી. કલમ-૪૦૬,૪૨૦,૧૧૪ મુજબના કામે રીકવર કરેલ મુદ્દામાલ | | | |
|---|---|---|---|
| નં. | ગાડી પ્રકાર | ગાડી નંબર | આશરે કિં.રૂ. |
| ૧ | મારૂતિ સુઝુકી અર્ટીગા | GJ-03-LG-0080 | ૫,૫૦,૦૦૦/- |
| ૨ | મહિન્દ્રા થાર | GJ-31-BA-0008 | ૧૧,૦૦,૦૦૦/- |
| ૩ | હયુન્ડાઇ વર્ના | GJ-24-AU-0004 | ૧૦,૦૦,૦૦૦/- |
| ૪ | મહિન્દ્રા સ્કોર્પીયો | GJ-03-NK-2849 | ૧૨,૦૦,૦૦૦/- |
| ૫ | હયુન્ડાઇ આઇ ૨૦ | GJ-10-BR-5281 | ૩,૫૦,૦૦૦/- |
| ૬ | મારૂતિ સુઝૂકી સ્વીફ્ટ | GJ-03-ME-5026 | ૩,૫૦,૦૦૦/- |
| ૭ | મારૂતિ સુઝૂકી ફ્રોક્સ | GJ-08-DD-0004 | ૬,૦૦,૦૦૦/- |
| ૮ | કીયા સેલટોસ | GJ-03-MH-0084 | ૯,૦૦,૦૦૦/- |
| ૯ | મારૂતિ સુઝૂકી બ્રેજા | GJ-10-DN-2863 | ૭,૦૦,૦૦૦/- |
| ૧૦ | હયુન્ડાઇ વેન્યુ | GJ-05-RP-5842 | ૬,૦૦,૦૦૦/- |
| ૧૧ | મારૂતી સુઝુકી સીયાજ | GJ-27-BE-8549 | ૩,૦૦,૦૦૦/- |
| ૧૨ | ટોયોટા ફોરચ્યુનર | GJ-01-RS-8161 | ૯,૦૦,૦૦૦/- |
| ૧૩ | મારૂતિ સુઝુકી સ્વીફ્ટ | GJ-03-NF-2339 | ૫,૫૦,૦૦૦/- |
| ૧૪ | મારૂતિ સુઝુકી અર્ટીગા | GJ-03BY-0222 | ૬,૦૦,૦૦૦/- |
| ૧૫ | મારૂતિ સુઝુકી સ્વીફ્ટ | GJ-03-NF-0096 | ૫,૫૦,૦૦૦/- |
| ૧૬ | મહિન્દ્રા થાર | GJ-03-NF-8757 | ૧૨,૦૦,૦૦૦/- |
| ૧૭ | હયુન્ડાઇ આઇ ટવેન્ટી | GJ-03-NK- 302 | ૫,૦૦,૦૦૦/- |
| ૧૮ | મારૂતિ સુઝુકી સ્વીફ્ટ | GJ-03-NF- 0035 | ૫,૦૦,૦૦૦/- |
| ૧૯ | મારૂતિ સુઝુકી સ્વીફ્ટ | GJ-03-NK- 1770 | ૫,૦૦,૦૦૦/- |
| ૨૦ | મહિન્દ્રા થાર | GJ-03-NK- 8098 | ૧૧,૦૦,૦૦૦/- |
| ૨૧ | હયુન્ડાઇ આઇ ૨૦ | GJ-03-NK- 6200 | ૬,૦૦,૦૦૦/- |
| ૨૨ | મહિન્દ્રા થાર | GJ-03-NK-2047 | ૧૧,૦૦,૦૦૦/- |
| ૨૩ | મારૂતિ સુઝુકી સ્વીફ્ટ | GJ-03-NF-0095 | ૫,૦૦,૦૦૦/- |
| ૨૪ | મારૂતિ સુઝુકી સ્વીફ્ટ | GJ-03-NK-0954 | ૫,૦૦,૦૦૦/- |
| ૨૫ | મારૂતિ સુઝુકી સ્વીફ્ટ | GJ-03-MR-0086 | ૪,૦૦,૦૦૦/- |
| કૂલ કિ.રૂ. | | | ૧,૭૧,૫૦,૦૦૦/- |

| રાજકોટ શહેર, તાલુકા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૮૦૫૩૨૪૦૩૭૭/૨૦૨૪ આઇ.પી.સી. કલમ ૪૦૬,૪૨૦,૧૧૪ મુજબના કામે રીકવર કરેલ મુદ્દામાલ | | | |
|---|---|---|---|
| નં. | ગાડી પ્રકાર | ગાડી નંબર | આશરે કિં.રૂ. |
| ૧ | મહિન્દ્રા સ્કોર્પિયો | GJ-03-NF-0087 | ૫,૫૦,૦૦૦/- |

| | | | |
|---|---|---|---|
| ૨ | મારૂતિ સુઝુકી સ્વીફટ | GJ-03-NF-0014 | ૧૧,00,000/- |
| ૩ | મારૂતિ સુઝુકી સ્વીફટ | GJ-03-NB-0087 | ૧0,00,000/- |
| ૪ | મારૂતિ સુઝુકી સ્વીફટ | GJ-02-EG-0073 | ૧૨,00,000/- |
| ૫ | મારૂતિ સુઝુકી અર્ટીકા | GJ-03-MR-1005 | ૩,૫0,000/- |
| ૬ | મારૂતિ સુઝુકી સ્વીફટ | GJ-33-F-6952 | ૩,૫0,000/- |
| ૭ | હયુન્ડાઇ ક્રેટા | GJ-03-NB-4787 | ૬,00,000/- |
| ૮ | મહિન્દ્રા થાર | GJ-03-NF-6177 | ૯,00,000/- |
| ૯ | મારૂતિ સુઝુકી બલેનો | GJ-03-NB-9692 | ૭,00,000/- |
| ૧0 | હયુન્ડાઇ વરના | GJ-03-MR-7001 | ૬,00,000/- |
| ૧૧ | મારૂતિ સુઝુકી સ્વીફટ | GJ-03-NK-8881 | ૯,00,000/- |
| ૧૨ | મહિન્દ્રા થાર | GJ-03-NB-8978 | ૫,૫0,000/- |
| | કૂલ કિ.રૂ. | | ૧,0૭,00,000/- |

| રાજકોટ શહેર, ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨0૮0૩૫૨૪0૩૧૯/૨0૨૪ આઇ.પી.સી. ક. ૪0૬,૪૨0,૧૧૪ મુજબના કામે રીકવર કરેલ મુદ્દામાલ | | | |
|---|---|---|---|
| નં. | ગાડી પ્રકાર | ગાડી નંબર | આશરે કિં.રૂ. |
| ૧ | મારૂતિ સુઝુકી સ્વીફ્ટ | GJ-03-MR-9068 | ૬,00,000/- |
| ૨ | મહિન્દ્રા થાર | GJ-03-MH-8779 | ૧0,00,000/- |
| ૩ | કીયા સેલટોસ | GJ-03-NK-8775 | ૧0,00,000/- |
| ૪ | મહિન્દ્રા થાર | GJ-03-NB-0002 | ૯,00,000/- |
| ૫ | મારૂતિ સુઝુકી સ્વીફ્ટ | GJ-03-MR-9198 | ૬,00,000/- |
| ૬ | હયુન્ડાઇ વર્ના | GJ-03-NB-9198 | ૧0,00,000/- |
| ૭ | મારૂતિ સુઝુકી બલેનો | GJ-03-NF-9198 | ૫,00,000/- |
| | કૂલ કિ.રૂ. | | ૫૬,00,000/- |

| રાજકોટ શહેર, ભક્તિનગર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨0૮0૫૨૨૪ 0૨૧૧/૨0૨૪ આઇ.પી.સી. ક. ૪0૬,૪૨0,૧૧૪ મુજબના કામે રીકવર કરેલ મુદ્દામાલ | | | |
|---|---|---|---|
| નં. | ગાડી પ્રકાર | ગાડી નંબર | આશરે કિં.રૂ. |
| ૧ | હયુન્ડાઇ વર્ના | GJ-37-J-6978 | ૫,00,000/- |
| ૨ | હયુન્ડાઇ વર્ના | GJ-03-LG-4412 | ૬,00,000/- |
| ૩ | મારૂતિ સુઝુકી સ્વીફટ | GJ-03-NK-4544 | ૬,00,000/- |
| | કૂલ કિ.રૂ. | | ૧૭,00,000/- |

➢ <u>આરોપીઓ</u>

